# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/076 Dt. 06/09/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI દ્વારા GUVNLની નોટિસ સંદર્ભે રિન્યુએબલ એનર્જી સાથે સંકળાયેલા ઉદ્યોગકારો સાથે મિટીંગ યોજાઇ

## કેન્દ્ર સરકારની ગાઇડલાઇનનું પાલન કરીને ઓછામાં ઓછું ૩૦ ટકા એનર્જી બેન્કીંગ આપવાનું ધ્યાનમાં લઇને તે પ્રકારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના ઓર્ડરમાં ફેરબદલ કરાવવા રાજ્ય સરકારને રજૂઆત કરવાનું મિટીંગમાં નકકી કરાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL)ની નોટિસ સંદર્ભે રિન્યુએબલ એનર્જી સાથે સંકળાયેલા સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને પ્રોફેશનલ્સ સાથે મિટીંગ યોજાઇ હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL)ની નોટિસ નં. GUVNL/RE/SE (RE-1)/GEOAR/Banking/ઇલેકટ્રીસિટી (પ્રમોટીંગ રિન્યુએબલ એનર્જી થ્રુ ગ્રીન એનર્જી ઓપન એકસેસ) રૂલ્સ ૨૦૨૨ હેઠળ સ્થપાતા રિન્યુએબલ એનર્જી પ્રોજેકટમાં એનર્જી બેન્કીંગની મર્યાદા ડિસકોમ પાસેથી મેળવેલ નેટ એનર્જીના ૩૦ ટકા જ વધુમાં વધુ મળવાપાત્ર થશે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત તા. ૩૧/૦૮/૨૦૨૪ના રોજ થઇ છે. કેન્દ્ર સરકારનો રૂલ્સ જૂન ૨૦૨૨માં આવેલો અને ત્યારબાદ રાજ્ય સરકારના રૂલ્સની ફેબ્રુઆરી ૨૦૨૪માં જાહેરાત થઇ હતી.

કેન્દ્ર સરકાર અને GERCના રૂલ્સ પ્રમાણે ઓછામાં ઓછું ૩૦ ટકા એનર્જી બેન્કીગ આપવાનું પ્રાવધાન હતું, જેના વિવિધ અર્થઘટનો કરવામાં આવતા હતા. જેના કારણે ઘણા ઉદ્યોગકારો દ્વારા તેઓની ફુલ કેપેસિટી પ્રમાણેના પ્રોજેક્ટ રજિસ્ટર્ડ કરી કમિશન પણ કરવામાં આવ્યા હતા. દક્ષિણ ગુજરાતમાં આ રૂલ્સ હેઠળ તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ પહેલા ૭૦૦ મેગાવોટના ઘણા પ્રોજેક્ટ રજિસ્ટર્ડ થયા છે. આ તમામને નવા રૂલ્સ લાગુ પડવાને કારણે ઉદ્યોગકારોને ઘણું મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી શકે છે, આથી આ મામલે વિવિધ ઉદ્યોગકારો તેમજ પ્રોફેશનલ્સ સાથે ચેમ્બર ઓફ કોમર્સ ખાતે મિટીંગ યોજાઇ હતી.

ચેમ્બર ઓફ કોમર્સ ખાતે યોજાયેલી ઉપરોકત મિટીંગમાં ઉદ્યોગકારોને નુકસાન નહીં થાય તે બાબતને ધ્યાને લઇને કેન્દ્ર સરકારની ગાઇડલાઇનનું પાલન કરીને ઓછામાં ઓછું ૩૦ ટકા એનર્જી બેન્કીગને ધ્યાનમાં લઇને તે પ્રકારના ઓર્ડરમાં ફેરબદલ કરાવવા રાજ્ય સરકારને રજૂઆત કરવા સંદર્ભે મિટીંગમાં રજૂઆતો થઇ હતી અને વિવિધ ઉદ્યોગકારો દ્વારા સૂચનો પણ આપવામાં આવ્યા હતા. મિટીંગમાં અંતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી, ઉર્જા મંત્રીશ્રી, ઉર્જા સચિવશ્રી અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેકટરને લેખિતમાં રજૂઆત કરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

ઉપરોકત મિટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ, પૂર્વ પ્રમુખ શ્રી બી.એસ. અગ્રવાલ, ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ પાંડેસરા વિવર્સ કો–ઓપરેટીવ સોસાયટી લિમિટેડના પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, સાઉથ ગુજરાત સોલાર એસોસીએશનના પ્રમુખ શ્રી તેજસ પટેલ, વેડ રોડ આર્ટ સિલ્ક સ્મોલ સ્કેલ કો–ઓપ ફેડરેશન લિમિટેડના પ્રમુખ શ્રી દેવેશ પટેલ, શ્રી મયંક દલાલ, એડવોકેટ ડો. અનિલ સરાવગી, સાઉથ ગુજરાત ટેક્ષ્ચ્યુરાઇઝીંગ એસોસીએશનના સેક્રેટરી શ્રી સુરેશ પટેલ, કીમ–પીપોદરા એસોસીએશનના શ્રી કિશોર બોધાણી તથા રિન્યુએબલ એનર્જી સાથે સંકળાયેલા સ્ટેક હોલ્ડરો ઉપસ્થિત રહયા હતા.